જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૨/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૯૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી ૧૮૬ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૫ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૯૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૯૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૩૯૯/૧૬

**રામોલઃ** રેખાબહેન દોલતસિંહ ઠાકોર (ઉ.વ.૧૬)(રહે. મહાકાળી હોટલની પાછળ, ટોલટેક્ષ નજીક, રામોલ) ને તા.૨૪/૨/૧૬ સાંજનાં ૫/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી ભરતભાઇ ઠાકોર (રહે.રામોલ ગામ) લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ રેખાબહેનનાં માતા અંબાબહેન ઠાકોરે તા.૨૮/૨/૧૬ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.આઇ.સોલંકી ચલાવે છે.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૪૦૦/૧૬

**બાપુનગરઃ** બાબુભાઈ પુનમાજી ગેહલોત (રહે.શ્રી બ્રહ્માણી ટ્રેડીંગ કંપની, નવા બાપુનગર ચાર રસ્તા પાસે, બાપુનગર) એ તા.૨૮/૨/૧૬ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓગષ્ટ ૨૦૦૬ થી તા,.૨૭/૨/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) ઉમેશ છોગાલાલ ગેહલોત (૨) સતીષ છોગાલાલ ગેહલોત (૩) પ્રણવ છોગાલાલ ગેહલોત (ત્રણેય રહે. કૃષ્ણકુંજ એપાર્ટમેન્ટ ગાયત્રી મંદિર સામે, સરકીટહાઉસ વાળી ગલી, શાહીબાગ) (૪) છોગાલાલ શંકરજી સુંદેશા અને (૫) જોગારામ રામજી માળી (બંને રહે.મુ.પો.ઝાલોર, રાજેન્દ્રનગર તા.જી.ઝાલોર, રાજસ્થાન) એ ભેગામળી પોતાનાં સ્ટીલનાં ધંધામાં રોકાણ કરાવી, બાબુભાઇને તેમાંથી નફો આપવાની લાલચ આપી, રોકડ રૂપિયા ૫૦,૦૦,૦૦૦/- અને અલગ-અલગ બેંકોની કુલ ૧ કરોડ રૂપિયાની લોન કરાવી, કુલ રૂપિયા ૧,૫૦,૦૦,૦૦૦/- મેળવી લઇ, બાબુભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.ગામીત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૦૧/૧૬</u>**

**ગાયકવાડ હવેલીઃ** ગુલામમહંમદ ઉર્ફે જાવેદરાજા હાજીમીયા શેખ (રહે.માસ્ટર બિલ્ડીંગ, હેબતખાનની મસ્જીદ સામે, જમાલપુર) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૨/૧૬ ના કલાક ૧/30 થી ૬/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાની સ્ટોપર ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કેમેરા નંગ-૨, મોબાઇલ ફોન અને રોકડ રૂપિયા ૯,૬૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૪,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.ડામોર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)